*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 72

## ચોમાસુ અને જળ શક્તિ અભિયાન

**ચર્ચામાં શા માટે ?**

**જળ શક્તિ અભિયાન-2020માં પરિવર્તન વિશે :**

**'જળ શક્તિ' અભિયાન વિશે :-**


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


**TOPIC-72નો**
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in    t.me/icerajkotofficial    9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- 'જળ શક્તિ અભિયાન'ની તૈયારીઓની દિશામાં વિવિધ વિભાગો જેમ કે, 'ગ્રામીણ વિકાસ વિભાગ', 'ભૂમિ સંસાધન વિભાગ' વગેરેએ ચોમાસાને ધ્યાનમાં રાખીને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને સંયુક્ત પરામર્શ જારી કર્યા છે.
- COVID-19 મહામારીને કારણે ગ્રામીણ વિસ્તારોમાં મજૂર બળની વ્યાપક ઉપલબ્ધતા અને આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને જળ શક્તિ અભિયાન અંતર્ગત તૈયારી શરૂ કરવામાં આવી છે.
- આ અભિયાન અંતર્ગત જાહેર કરવામાં આવેલ સૂચનોમાં રાજ્યોને જળ સંરક્ષણ અને પુનરુત્થાનની દિશામાં તૈયારીઓ શરૂ કરવાનું કહ્યું છે.

## જળ શક્તિ અભિયાન-2020માં પરિવર્તન વિશે :

- COVID-19 મહામારીના કારણે કેન્દ્રસરકારના અધિકારીઓને ઉનાળામાં આ અભિયાનમાં રોકવામાં આવશે નહીં. આ હુકમમાં સુનિશ્ચિત કરવામાં આવશે કે ચોમાસા દરમિયાન વરસાદી પાણીના સંગ્રહ માટે તમામ સંસાધનોનો ઉપયોગ કરી શકાય.
- લોકડાઉનને ધ્યાનમાં રાખીને પ્રારંભિક આધાર પર મનરેગાના કાર્યો, પીવાનું પાણી તથા સ્વચ્છતાના કામોને પ્રાધાન્ય આપવામાં આવશે. તથા મનરેગા કાર્યોની સાથે સિંચાઈ અને જળ સંરક્ષણના કાર્યો પર ભાર મુકવામાં આવશે.
- તે સુનિશ્ચિત કરવામાં આવશે કે તમામ કાર્યો સામાજિક અંતરના નિયમોનું પાલન, ચહેરા પર માસ્કનો ઉપયોગ અને અન્ય સાવચેતીઓ સાથે કરવામાં આવશે.
- નાની નદીઓના પુનરુત્થાન માટે સામુદાયિક નદી બેસીન સંચાલન પ્રક્રિયાઓ પણ શરૂ કરવામાં આવી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- કેન્દ્રસરકાર, રાજ્ય સરકારો, સામાજિક સંસ્થાઓ, પંચાયતી રાજ સંસ્થાઓ અને સમૂદાયો સહિત આશરે 6.5 કરોડ લોકો આ અભિયાનમાં જોડાયા છે.
- 75 લાખ પરંપરાગત અને અન્ય જળસ્ત્રોતો તથા તળાવોનું નવીનીકરણ (જિર્ણોદ્ધાર) કરવામાં આવ્યું છે.
- લગભગ એક કરોડ જળસંગ્રહ અને વરસાદના જળસંગ્રહના નિર્માણના કામો કરવામાં આવ્યા છે.

## 'જળ શક્તિ' અભિયાન વિશે :-

- 1 જુલાઈ, 2019ના રોજ પ્રથમ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી ગજેન્દ્ર શેખાવત દ્વારા 'જળ શક્તિ' અભિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ અભિયાન અંતર્ગત પાણીની અછતવાળા 256 જિલ્લાઓના 1,592 બ્લોક પર ફોકસ કરવામાં આવશે.
- ભારત સરકાર તથા રાજ્ય સરકારોના વિવિધ મંત્રાલયોના સામૂહિક પ્રયાસોથી આ અભિયાન ચલાવવામાં આવે છે. જેમાં વિવિધ મંત્રાલયોના સમન્વયનું કાર્ય ભારત સરકારની 'પેયજળ (પીવાનું પાણી) અને સ્વચ્છતા વિભાગ' દ્વારા કરવામાં આવે છે.
- આ અભિયાન અંતર્ગત મુખ્યત્વે પાંચ ક્ષેત્રોમાં કામ કરવામાં આવે છે. જેમાં....
  - પાણી સંરક્ષણ અને વરસાદી પાણીનો સંગ્રહ
  - પરંપરાગત અને અન્ય જળાશયોનું રિનોવેશન
  - રિયુઝ, બોરવેલ રિચાર્જ સ્ટ્રક્ચર્સ
  - વોટરશેડ ડેવલપમેન્ટ
  - સઘન વનીકરણ
- 'જળ શક્તિ' અભિયાનની થીમ અથવા તો સૂત્ર 'સંચય જલ, બેહતર કલ' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT